RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૩૭/૪૫૩ તા.૨૯–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુખલાલ બી. મહાજન
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુખલાલ બી. મહાજનની તા. ૦૭–૧૦ –૧૧ની અરજીથી ટી.પી.નં.૨, ઉધના તથા ટી.પી.નં.૫૭(પાંડેસરા–ઉધના) તા.૦૧–૦૧–૨૦૦૪થી તા.૦૧–૧૦–૧૧સુધી વોર્ડ નં. ૩૦,૩૪,૩૫,૩૬,૩૮માં કરેલ ડિમોલેશનની તમામ વિગતો પ્લોટ નં. સાથે, તેમાં કેટલા ડિમોલેશન કર્યા અને કેટલા વર્ષ વીતી ગયા તથા કઈ સ્થિતિમાં છે અને કોને કોને નોટીસ આપેલ છે તેની તમામ વિગતો તથા વોર્ડ નં. ૩૦,૩૪,૩૫,૩૬,૩૮માં ઉધના ઝોનમાં ગેરકાયદેસર બાંધકામો થયેલ છે તેમાંથી કોને કોને કાયદેસરની નોટીસ આપેલ, કોનું કોનું ડિમોલેશન થયેલ તથા કઈ સ્થિતિમાં છે તથા કોનું કોનું બાંધકામ થઈ ગયેલ છે તેની તમામ માહિતીઓ વિગતો સાથે આપવા તથા પ્લોટનંબરમાં સોસાયટીનું નામ તથા કયા અધિકારી હસ્તક થયેલ છે તેનું નામ સાથેની તમામ વિગતો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૩૭–૪૫૩/૨૦૧૧–૧૨

શ્રી સુખલાલ બી. મહાજનની તા. ૦૭–૧૦ –૧૧ની અરજીથી ટી.પી.નં.૨,ઉધના તથા ટી.પી.નં.૫૭ (પાંડેસરા–ઉધના) તા.૦૧–૦૧–૨૦૦૪થી તા. ૦૧–૧૦–૧૧સુધી વોર્ડ નં. ૩૦, ૩૪, ૩૫, ૩૬,૩૮માં કરેલ ડિમોલ ેશનની તમામ વિગતો પ્લોટ નં. સાથે, તેમાં કેટલા ડિમોલેશન કર્યા અને કેટલા વર્ષ વીતી ગયા તથા કઈ સ્થિતિમાં છે અને કોને કોને નોટીસ આપેલ છે તેની તમામ વિગતો તથા વોર્ડ નં. ૩૦,૩૪,૩૫,૩૬,૩૮માં ઉધના ઝોનમાં ગેરકાયદેસર બાંધકામો થયેલ છે તેમાંથી કોને કોને કાયદેસરની નોટીસ આપેલ, કોનું કોનું ડિમોલેશન થયેલ તથા કઈ સ્થિતિમાં છે તથા કોનું કોનું બાંધકામ થઈ ગયેલ છે તેની તમામ માહિતીઓ વિગતો સાથે આપવા તથા પ્લોટ નંબરમાં સોસાયટીનું નામ તથા કયા અધિકારી હસ્તક થયેલ છે તેનું નામ સાથેની તમામ વિગતો આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૪૬૬ તા. ૧૯–૧૦–૧૧થી માંગેલ માહિતી આપવામાં આવી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૧–૧૧ ના રોજ એક જ અરજીની બે અપીલ કરવામાં આવેલ હોઈ બંને અપીલ અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે દફતરી વિગત સ્પષ્ટ કરવા તથા તપાસ ણી કરેલ કે કેમ ? રોજકામની વિગત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૬ તા.૮–૧ ૨–૧૧ તથા આરટીઆઈ સેલ/૧૨૪૭ તા.૧૪–૧૨–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા. ૧૯–૧૦–૧૧ના પત્ર મુજબ તપાસણી માટે સંપર્ક કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે પછી કોઈ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૧૩ તા.૨૭–૧૨–૧૧ તથા સા.ઝોન/ટેક./૬૩૬ તા.૬–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૪૬૬ તા. ૧૯–૧૦–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને પુનઃ આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૫૫૩ તા.૮–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૧૨–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૭–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૬૬ તા.૧૯–૧૦–૧૧ થી તા.૭–૧૦–૧૧ બાબતે તમોએ માંગેલ માહિતીના સંદર્ભે રેકર્ડ

ચકાસણી અર્થે આરટીઆઈના નિયમોનુસાર પ્રથમ અડધા કલાક માટે ફ્રી ઈન્સ્પેકશન તથા ત્યાર બાદ પ્રત્યેક અડધો કલાક દીઠ રૂા.૨૦/– ચાર્જ પેટે ભરવાના રહેશે. તથા આ માટે ઝોનના સબંધિત ખાતાનો અગાઉથી સંપર્ક કરવા તથા સમય અવધિમાં અરજદારને ચકાસણી કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૨૯–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલના સંદર્ભે અરજદારને જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા મુજબ તપાસણી માટે સંપર્ક કરી માહિતી મેળવેલ છે કે કેમ? તે પછી કોઈ નારાજગી હોય તો આધારસહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે જેમાં સાહેબનું નામ આપવાનું બાકી છે જે અમને માહિતી મળેલ છે તે અધૂરી તથા સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમ નથી તેમજ ઉધનાઝોનના કિરણ મોદી સાહેબે ફોન પર જણાવેલ છે કે તમે આવીને રજીસ્ટર ચેક કરી તમને જે માહિતી જોઈએ છે તે લઈ જાવ. પરંતુ અમારે રજીસ્ટર ચેક કરવાની કોઈ જરૂર નથી. અને માંગેલ માહિતી લેખિતમાં આપવાની જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીને પણ અરજદારે તમામ માહિતી લેખિત સ્વરૂપે આપવાનું મૌખિક માંગણી કરેલ. જે અંગે અરજદારને ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૫૫૩ તા.૦૮–૧૨–૧૧ થી " માંગવામાં આવેલ માહિતી માટે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૬૬ તા. ૧૯–૧૦–૧૧ થી પત્રથી તેમનો દફતરી રેકર્ડ આધારીત માહિતીની ચકાસણી માટે જણાવેલ હતું પરંતુ તેઓ ધ્વારા માહિતીની ચકાસણીની મૌખિક મનાઈ કરેલ છે અરજીમાં માંગવામાં આવેલ લેખિત સ્વરૂપે આપવાનું જણાવેલ છે. જે મુજબ અરજીથી માગવામાં આવેલ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે તપાસણી કરવાની મનાઈ ફરમાવેલ છે. જાહેર માહિતી અધિકારીના ૮–૧૨–૧૧ ના પત્રથી મોકલાવેલ માહિતી બાદ પણ તા.૨૭–૧૨–૧૧ ના પત્રમાં અરજદારે મળેલ માહિતી કે અપીલ હેઠળની અરજી અને અપીલમાંની દાદ અંગે વિશેષ કોઈ રજૂઆત કરેલ નથી જે સૂચવે છે કે તેમને હવે આ બાબતે કોઈ તકરાર નથી. આથી અરજદારની અપીલ બાબતે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી લેખિત સ્વરૂપે પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુખલાલ બી. મહાજન,